# પ્રથમ સાહિત્યિત પયગંબર આમોસ

## (ફાધર વર્ગીસ પોલ)

પયગંબર આમોસના જીવન વિશે આપણું જ્ઞાન ખૂબ મર્યાદિ છે. આપણે જે કંઈ જાણીએ છીએ એ બધું ફક્ત 'આમોસ' ગ્રંથમાંથી જ જાણીએ છીએ. 'આમોસ' ગ્રંથમાંથી ખ્યાલ આવે છે કે વ્યક્તિ તરીકે સંદેશવાહક આમોસ જ નહિ પણ એનો સંદેશ જ ખૂબ અગત્યની વાત છે.

'આમોસ' ગ્રંથમાંથી મળતા આચા ઉલ્લેખમાંથી આપણે જાણીએ છીએ કે આમોસ મૂળમાં એક ગોવાળ અને ગુલ્લર વૃક્ષોનો રખેવાળ હતો. મોસના જ શબ્દોમાં કહીએ તો, "હું કંઈ પયગંબર નથી કે પયગંબરનો ધંધોધાપો કરતો નથી. હું તો ગોવાળ છું અને ગુલ્લર વૃક્ષોનો રખેવાળ છું. પણ હું ઘેટાંબકરાં ચારતો હતો ત્યાંથી મને પ્રભુએ બોલાવી લીધો અને કહ્યું કે, તું જઈને મારા લોકો ઈસાયલીઓને મારી વાણી સંભળાવ,"

પરંપરાગત માન્યતા પ્રમાણે આમોસ તકોઆનો ભરવાડ હતો. એટલે જ આમોસ ગ્રંથના સંપાદક ગ્રંથની શરૂઆતમાં પૂર્વભૂમિકા બાંધતાં કહે છે, "યહૂદાના રાજા ઉઝિયા (ઈ.સ. પૂર્વે 783-742) અને ઈસાયલના રાજા યરોબામ બિન યોઆશ (ઈ.સ. પૂર્વે 786-746) ના અમલ દરમ્યાન, ધરતીકંપ (ઈ.સ. પૂર્વે 760) થયો તેનાં બે વર્ષ પહેલાં. તકોઆના ભરવાડ આમોસને ઈસાયલને લગતી દિવ્યદર્શનમાં સંભળાયેલી વાણી."

ઈતિહાસમાંથી આપણે જાણીએ છીએ કે, ઈ.સ. પુર્વેની આઠમી સદીના મધ્યભાગનો એ જમાનો ઈસાયલ માટે સમૃદ્ધિ ને જાહોજલાલીનો સમય હતો. પણ એ જમાનામાં નીતિન્યાય અને ધર્મનિષ્ઠાનો અભાવ હતો. આવા સંદર્ભમાં આમોસ એક ભરવાડને છાજે એવી બરછટ ભાષામાં સમાજ અને ધર્મમાં પ્રવર્તતાં, અન્યાય, અનીતિ, અત્યાચાર, ભ્રષ્ટતા, કર્મકાંડની પોકળતા, વગેરે ઉપર સચોટ પ્રહારો કરે છે.

આમોસનું જીવન ખૂબ અઘરું હતું, કારણ, એમનો સંદેશ જ અઘરો હતો. એટલે જ બેથેલના પુરોહિત અમાસિયાએ ઈસાયલના રાજા યરોબામને સમાચાર મોકલ્યો. "આમોસ ઈસાયલની વચ્ચોવચ્ચ તમારી વિરુદ્ધ કાવતરું રચે છે. તે જે કહે છે તે દેશ સાંખી લઈ શકે એમ નથી. તે કહે છે કે, યરોબામનું યુદ્ધમાં મૃત્યુ થશે અને ઈસાયલના લોકોને પોતાનું વતન છોડી દેશવટે જવું પડશે."

રાજાના આમોસ વિશે વિશે ફરિયાદ કર્યા પછી પુરોહિત અમાસિયાએ પોતે આમોસને કહ્યું "આ દષ્ટા, ભાગ ! યહૂદા દેશમાં ચાલ્યો જા! ત્યાં તારું પયગંબરું ચલાવીને રોટલો રળી ખાજે. રણ બેથેલમાં ફરી પયગંબરું ચલાવીશ નહિ. કારણ, આ તો રાજાનું મંદિર છે, રાજ્યનું તીર્થધામ છે.!"

પુરોહિત અમાસિયાની વાતથી આમોસથી રહેવાયું નહિ. પુણ્યપ્રકોપથી આમોસે વધુ સખત શબ્દોમાં અમાસિયાને ચેતવણી આપતાં આમોસે કહ્યું, "તું મને એમ કહે છે કે મારે ઈસ્રાયલ વિરુદ્ધ પયગંબરી ચલાવવી નહિ, બકવાસ કરવો નહિઃ પણ પ્રભુના પોતાના શબ્દો તો આ પ્રમાણે છે, અમાસિયા, તારી પ્તની શહેરની વેશ્યા બનશે અને તારાં છોકરા-છોકરી તલવારથી મૃત્યુ પામશે. તારી ભૂમિ દોરીથી માપીને બીજાઓને વહેંચાશેઃ તું પોતે વિદેશીઓના અપવિત્ર દેશમાં મરણ પામશે અને ઈસ્રાયલીઓને કેદ પકડી તેમના વતનમાંથી દેશવટો દેવામાં આવશે."

આમોસના ગ્રંથના ત્રણ ભાગ પાડી શકાય. પહેલા ભાગમાં પડોશી પ્રજાઓ વિશે ઈશ્વરનો ફેંસલો છે. બીજા ભાગમાં ઈસ્રાયલ વિશે ઈશ્વરનો ફેંસલો છે અને છેલ્લા ભાગમાં સાંકેતિક દર્શનોની વાત છે. પહેલા ભામાં ગ્રંથના પ્રથમ બે અધ્યાયોમાં વિવિધ રાજ્યો ઉપરની ભગવાનની શિક્ષાની વાત છે.

પડોશી રાજ્યોની શિક્ષાની વાત કર્યા પછી આમોસ યહૂદા અને ઈસ્રાયલની વાત પર આવે છે. અહીં પયગંબરી ભવિષ્યવાણી ભાખતાં આમોસ પ્રભુની વાણી સંભળાવે છે. "યહૂદાનાં પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છેઃ એ લોકોએ મારા નિયમોનો અનાદર કર્યો છે અને મારી આજ્ઞાઓ માની નથી. તેમના વડવાઓ જે ખોટા દેવોને અનુસરતા હતા તેમણે તેમને ખોટે માર્ગે દોર્યા છે. આથી હું તેમને જરૂર સજા કરીશ. હું યહૂદા ઉપર આગ મોકલીશ અને તે યરુશાલેમની મહેલાતોને ભરખી જશે."

પછી ઈસ્રાયલ વિશે ઈશ્વરનો ફેંસલો આપતાં આમોસ પ્રભુનાં વચન સંભળાવે છેઃ "ઈસ્રાયલના લોકોનાં પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છેઃ આથી હું તેમને જરૂર સજા કરીશ. કારણ, તેઓ ધર્મભીરુ ગરીબ માણસને પૈસાના બદલામાં-ખાસડાની કિંમતે-વેચે છે, ગરીબ ગુરબાંનાં માથાં ધૂળમાં રગદોળે છે અને દીનોને પોતાના માર્ગમાંથી હડસેલી કાઢે છે. બાપ અને દીકરો એક જ યુવતીને સેવે છે અને એણે કરી મારા પવિત્ર નામને બટ્ટો લગાડે છે. તેઓ એકેએક વેદી આગળ ધરાણે લીધેલાં કપડાં ઉપર લાંબા થાય છે અને પોતાના દેવના મંદિરમાં લોકો પાસે દંડ તરીકે વસૂલ કરેલો દારૂ પીએ છે." બીજા ભાગમાં આમોસનો ચેતવણીરૂપ બોધ છે. ઈસ્રાયલના લોકો માટેના દરેક બોધની શરૂઆતમમાં લગભગ એક જ પ્રકારના આહ્વાન છેઃ "હવે તમારી વિરુદ્ધ પ્રભુને જે કહેવાનું છે તે સાંભળો," "આ વચન સાંભળો", "તમારે માટે હું આ મેરેશિયો ગાઉં છું તે સાંભળો."

આમોસ ગ્રંથના અંતે છેલ્લા અધ્યાયમાં ઈસ્રાયલીઓને ધરતીના પડ ઉપરથી ભૂંસી નાખવાની વાત કર્યા પછી આમોસે આશા અને નવી શરૂઆતની ભવિષ્યવાણી ભાખી છેઃ "જુઓ, મારા સર્વસત્તાધીશ પ્રભુનો ડોળો પાપી રાજ્ય ઉપર છે અને હું એને ધરતીના પડ ઉપરથી ભૂંસી નાખીશ. તેમ છતાં હું યાકોબના વંશનો સંપૂર્ણ સંહાર નહિ કરું."

"તે દિવસે હું દાવિદના ખખડી ગયેલા ઝૂંપડા જેવા રાજ્યને ફરી બેઠું કરીશ અને તેમાં પડેલી ફાટો સાંધી દઈશ, તેનાં ખંડિયેરો સમાં કરીશ તે પહેલાં જેવું હતું તેવું નવેસરથી બાંધીશ."

આમોસ ભલે ગોવાળ અને ગુલ્લર વૃક્ષોનો રખેવાળ રહ્યો હતો. ભલે તે ગામડાંમાં ઘેટાંબકરાં ચરાવતો હતો. પરંતુ એની ભવિષ્યવાણીમાં એની બુદ્ધિપ્રતિભા તેમજ સમકાલીન રાજકીય તેમજ સામાજિક પ્રવાહો અને વિકાસથી તે સારી પેઠે વાકેફ હતો. સામાજિક અને રાજકીય બાબતોનું એનું જ્ઞાન અનોખું હતું. આમોસની સાહિત્યિક શક્તિ પણ ખાસ કદરને પાત્ર છે.

વળી અમોસ ગ્રંથમાં પયગંબરના ઈશ્વર અંગેના ખ્યાલ આપણું ધ્યાન વિશેષ ખેંચે છે. આમોસ જ પ્રથમ વાર ઈશ્વર પ્રભુને કેવળ ઈસ્રાયલ વંશના કુળદેવ તરીકે નહિ પણ સમગ્ર વિશ્વના ઈશ્વર પ્રભુ તરીકે ચીતરે છે. પ્રભુ લોકો પાસે કર્મકાંડ નહિ પણ ન્યાયધર્મનો આગ્રહ રાખે છે.

બાઈબલના શબ્દોમાં કહીએ તો પ્રભુ કહે છે, “તમારા તહેવારો હું ધિક્કારું છું, તિરસ્કારું છુંઃ તમારાં ધર્મસંમેલનોમાં મને લેશ પણ રસ નથી. તમે મને આહુતિ અને અન્નબલિ ચડાવશો તોયે હું તે સ્વીકારનાર નથી અને તેમારા હુષ્ટપુષ્ટ પશુઓનાં નૈવેધ્ય તરફ હું નજર સરખી કરનાર નથી. તમારાં ભજનોનો ઘોંઘાટ બંધ કરો, તમારા વાજિંત્રોના સૂર હું સાંભળનાર નથી. પણ ન્યાય અને ધર્મને સરિતાની પેઠે, અખંડ ઝરણા પેઠે વહેવા દો.”

આમોસના જણાવ્યા મુજબ ઈશ્વર પ્રભુ સમગ્ર દુનિયાનો ન્યાય તોળશે. પરંતુ પોતાની પસંદ કરેલી ઈસાયલી પ્રજા જોડે વિશેષ કરારનો સંબંધ રાખે છે. એટલે ઈસાયલી પ્રજાની વિશેષ જવાબદારીઓ છે. બીજી પ્રજા જોડે વિશેષ કરારનો સંબંધ રાખે છે. એટલે ઈસાયલી પ્રજાની વિશેષ જવાબદારીઓ છે. બીજી પ્રજાઓની સરખામણીમાં ઈસ્રાયલીઓએ વધુ ચુસ્તપણે નીતિન્યાયને રસ્તે ચાલવાનું છે.

આગવી શૈલીમાં ભવિષ્યવાણી ભાખરનાર આમોસે રાજકર્તાઓને અને બધા લોકોને ધર્મનું ચુસ્ત પાલન કરવા અને સામાજિક ન્યાયથી જીવન ગાળવા નીડરપણે અનુરોધ કર્યો છે. ઈસ્રાયલી પ્રજામાં નીતિન્યાય અને સામાજિક સભાનતા કેળવવામાં આમોસનો મોટો ફાળો છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-06-2007)

(ફરી બદલવાની તારીખઃ 16-06-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007